### કેન્દ્રવાર પરિણામની ટકાવારી

| | |
|---|---|
| નાંદોલ | ૭૩.૫૬ |
| દહેગામ | ૭૩.૦૦ |
| રખિયાલ | ૪૭.૯૬ |
| બહિયલ | ૭૪.૭૧ |
| શેરથા | ૪૭.૧૬ |
| ગાંધીનગર | ૮૦.૯૭ |
| છાલા | ૬૫.૦૩ |
| ઝિંડવા | ૫૯.૬૩ |
| કલોલ | ૬૮.૬૫ |
| માણસા | ૬૭.૧૮ |
| અડાલજ | ૬૩.૨૬ |
| આજોલ | ૬૫.૫૬ |
| ડભોડા | ૬૯.૦૮ |
| સોજા | ૭૪.૩૪ |
| સરઢવ | ૬૦.૬૧ |
| કનીપુર | ૫૪.૮૦ |
| ચાંદખેડા | ૭૭.૩૪ |
| કડજોદરા | ૬૩.૮૩ |
| મગોડી | ૬૦.૭૫ |
| લોદ્રા | ૪૮.૫૪ |
| મુબારકપુર | ૫૨.૧૫ |
| મોટેરા | ૮૬.૪૪ |
| ખરણા | ૬૭.૨૨ |
| દેલવાડા | ૬૫.૨૩ |
| મોટીઆદરજ | ૫૮.૦૪ |
| વલાદ | ૭૫.૫૦ |
| લવારપુર | ૭૨.૬૪ |
| છત્રાલ | ૫૪.૧૭ |

# શહેરના તેજસ્વી તારલાઓને તબીબી ક્ષેત્રે કારકિર્દી ઘડવી છે

ગાંધીનગર તા ૨૮

શહેરની શાળાઓમાં અભ્યાસ કરતા મોટાભાગના વિદ્યાર્થીઓએ ડોકટર બનવાની ખેવના વ્યકત કરી છે. ડોકટર બનીને સમાજસેવા કરવાનુ કામ વધુ સરળ અને અસરકારક થઈ શકતુ હોવાનુ ટોપર્સ માની રહયા છે. કાર્મેલ સ્કુલના વિશ્વજીત જોધ્ધાને પણ ડોકટર બનવુ છે. ૬૦૦ માંથી ૫૭૭ ગુણ મેળવનાર વિશ્વજીતને વિજ્ઞાનના વિવિધ મોડેલ્સ બનાવવામાં રસ છે. આ શાળાના અન્ય એક ટોપર માંજલ સેને આગળ સી એ માં અભ્યાસ કરવો છે.બ્રાઈટ સ્કુલના અતુલ મકવાણાને પણ ડોકટર બનવુ છે.ટોપર્સમાં સ્થાન મેળવનાર સે-૨૩ સ્વામિનારાયણ હાઈસ્કુલની ખુશી રાકેશભાઈ ભટ્ટને માતા પિતાની જેમ ડોકટર બનવુ છે. માતા ડો સંગીતાબેન ભટ્ટ સે-૨૯ આર્યુવેદિક હોસ્પિટલમાં ડોકટર છે. તેણીના મતે કિશોરસરની ભણાવાની સ્ટાઈલના લીધે અઘરુ પણ સરળ બને છે. તેમના પ્લાનીંગનો ફાયદો મળ્યો છે. આગળ અભ્યાસ કરી એમ ડી સર્જાન બનવુ છે. સેન્ટ ઝેવિયર્સના લય દિનેશભાઈ પટેલે પણ ડોકટર બનવુ છે. તેણે ગણિતમાં ૯૯ ગુણ મેળવ્યા છે. આદિત્ય પ્રશાંત જોષીએ ડોકટર બનવુ છે. તેના માતા શિતલબેન ગાંધીનગરની સાયસન્સ કોલેજમાં પ્રોફેસર છે.જયારે પિતા અમદાવાદ કોમર્સ કોલેજમાં છે. આદિત્યએ ૫૬૮ ગુણ મેળવ્યા છે.

## કોઈપણ ભોગે દિકરીનુ ડોકટર બનવાનુ સ્વપ્ન સાકાર કરવુ છે : કન્ડકટર પિતા

દિકરીની ભણવાની ઈચ્છા કોઈપણ ભોગે પુરી કરવી છે..ધોરણ -૧૦ માં ટોપર્સની યાદીમાં સ્થાન પ્રાપ્ત કરનાર સે-૩ સી માં રહેતી ઋત્વિકા પ્રવિણભાઈ રાઠોડને આગળ અભ્યાસ કરી ડોકટર બનવુ છે. ઋત્વિકાના પિતા ગાંધીનગર એસ ટી ડેપોમાં બસ કન્ડકટર તરીકે ફરજ બજાવે છે. જયારે માતા તાલુકા પંચાયતમાં કોન્ટ્રાકટ બેઈઝ નોકરી કરી સરકારની વિકાસ યોજનાને લોકો સુધી પહોંચાડવા માટે કમર કસી રહી છે. ઋત્વિકાના પિતા પ્રકાશભાઈને કોઈપણ ભાગે દિકરીના ભણતરનુ સ્વપ્ન સાકાર કરવુ છે. ઋત્વિકાએ ડોકટર બની સમાજની સેવા કરવી છે. તેણીના મતે અપેક્ષા કરતા ઓછુ પરિણામ આવ્યુ છે. પરંતુ કિશોરસરની મહેનતનો સાથ ઉજજવળ પરિણામ માટે જવાબદાર છે. કીશોરસરના માર્ગદર્શનના લીધે તેણે ગણિતના અઘરા પેપરમાં પણ ૯૬ ગુણ પ્રાપ્ત કર્યા છે. જયારે વિજ્ઞાનમાં ૯૮ અને અંગ્રેજીમાં ૯૩ ગુણ મેળવ્યા છે.

## શહેરના શૌચાલયોની સ્વચ્છતા અને જાળવણીમાં નિષ્ફળ એજન્સીઓનો કોન્ટ્રેક્ટ રદ્દ સ્થાયિ સમિતિએ કર્યો

ગાંધીનગર, તા. ૨૮

શહેરના જાહેર શૌચાલયોની સ્વચ્છતા તેમજ નિભાવણીમાં ચારેય એજન્સીઓ ઉણી ઉતરતાં મનપાની સ્થાયી સમિતિએ આજે એકજ ઝાટકે તમામના કોન્ટ્રેક્ટ રદ કરી અને નવા ટેન્ડર બહાર પાડવા માટેની કમિશ્નરને સૂચના આપી છે.

ગાંધીનગર મનપાની આજે મળેલ સ્થાયી સમિતિમાં ભાજપના કાઉન્સીલરો ધીરૂભાઈ ડોડિયા અને શ્રીમતિ પાર્વતીબેન પરમારે આ અંગેનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. આ પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

શહેરના જાહેર શૌચાલયોની સફાઈ અંગે વારંવાર ટીકાઓ થતી સાંભળવા મળી હતી એટલુ જ નહી પણ તેની નિભાવણી યોગ્ય રીતે થતી ન હોવાની રજુઆતો પણ તંત્રને મળી હતી જેની ગંભીર નોંધ પણ આજની સ્થાયી સમિતિએ લીધી હતી.

શૌચાલયોની સ્વચ્છતા અંગે ફીડબેક મશીનો પણ મનપાની કચેરી દ્વારા લગાવવામાં આવ્યા હતા.

મનપાના આંતરિક સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વચ્છતા સર્વેક્ષણમાં નિરાશાજનક દેખાવને ઢાંકવા માટે મનપા સત્તાવાહકો દ્વારા આ અંતિમ પગલુ લેવામાં આવ્યુ છે. જોકે સ્વચ્છતા સર્વેક્ષણને બાદ કરતાં આજની સભામાં જે કારણો રજુ થયા છે તે પણ ચિંતાનો વિષય એટલા માટે બન્યો છે કે સફાઈની એક માત્ર સેવા જ મનપાને સરકારે સોંપી છે અને તેમાં પણ તંત્ર ઉણુ ઉતર્યુ છે જે સત્તાવાહકોની નિષ્ફળતા છતી કરનારૂ હોઈ આ પગલુ લેવામાં આવ્યુ હોવાનુ મનાઈ રહ્યુ છે.

## જળ અભિયાનમાં ગુજરાતની જનતા જનાર્દનનો પરસેવો એળે નહીં જાય જળ અમૃત બનીને ગુજરાતની પ્યાસી ધરતીને તૃપ્ત કરશે - CM



મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વલસાડ જિલ્લાના વાપી તાલુકાના કરાયા ખાતે સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાન હેઠળ તળાવ ઊંડા કરવાની કામગીરી દરમિયાન સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં ગુજરાતની જનતા જનાર્દનનો પરસેવો એળે નહીં જાય, જળ અમૃત બનીને ગુજરાતની પ્યાસી ધરતીને તૃપ્ત કરશે એમ દૃઢ વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પૂજા-અર્ચના કરી તળાવ ઊંડા કરવાની કામગીરીનો પ્રારંભ કરાવી શ્રમજીવીઓને સુખડી અને છાશનું પ્રેમપૂર્વક વિતરણ કર્યું હતું.

ભારતમાં સૌથી મોટું જળ અભિયાન છે, સરકાર સાથે રાજયની જનતા જનાર્દનની ઈચ્છાશકિત જોડાયેલી છે તેથી જ આ જળ અભિયાન એ સાચા અર્થમાં જન અભિયાન બન્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાનમાં ગુજરાતમાં લોક-ભાગીદારી દ્વારા થઈ રહેલા કાર્યોની મુખ્યમંત્રીશ્રીએ સરાહના કરતાં જણાવ્યું હતું કે, ૧ લી મેથી શરૂ થયેલા અભિયાનમાં ૪૬૦૦ જેસીબી, ૧૫ હજાર ડમ્પર અને ટ્રેકટર સહિત સરકાર સાથે સ્વૈચ્છિક અને સેવાભાવી સંગઠનો જોડાયા છે. મનરેગા યોજના હેઠળ ત્રણ લાખથી વધુ શ્રમજીવીઓને રોજગારીનો અવસર મળ્યો છે.

ગુજરાતમાં વર્ષો પછી તળાવો, ખેતલાવડી, વન તલાવડીઓમાં ૧૧ હજાર લાખ ઘનફૂટ પાણીની સંગ્રહશકિતના લક્ષ્યાંકનો નિર્ધાર વ્યકત કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે,૧૩ હજાર તળાવોને ઊંડા કરવાની સાથે સાડા પાંચ હજાર નહેરની સફાઈ થઈ રહી છે.

સુજલામ્ સુફલામ્ જળ અભિયાન સમાપન સમારોહ તા.૩૧ મી મેના રોજ યોજવાની મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરતાં જણાવ્યું કે રાજયના તમામ જિલ્લામાં મા નર્મદાના પવિત્ર જળ વડે પૂજન-અર્ચન કરી ગુજરાતની ધરતી પાણીદાર બને અને ભૂતકાળના દુષ્કાળના ઓછાયા ગુજરાત ઉપરથી દૂર થાય તે માટે ધરતીમાતાની પૂજા થશે.

## ચિલોડા સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ત્રણ વિદ્યાર્થીઓ ટોપર્સમાં

ગાંધીનગર, તા.૨૮

ચિલોડા સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિદ્યાર્થીઓ પણ ધોરણ -૧૦ માં ઝળકયા છે. આ શાળાના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ પણ તેજસ્વી પરિણામ મેળવ્યુ છે. જેમાં ગુજરાતી માધ્યમમાં શાળાનુ પરિણામ ૯૮ ટકા અને અંગ્રેજી માધ્યમાં શાળાનુ પરિણામ ૧૦૦ ટકા રહયુ છે. જયારે શાળાના ત્રણ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે. જેમાં પ્રિયા જિતેન્દ્ર પટેલ,રીંકી અમિત પરીખ અને પુજન શાહે મોખરાનુ સ્થાન મેળવ્યુ છે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ શાળાના વિદ્યાર્થીઓએ ગુજકેટમાં તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ હતુ.

## ઝીલ ચારેલને પહેલા ડૉક્ટરી પાસ કર્યા બાદ આઈએએસ થવું છે

ગાંધીનગર, તા. ૨૮

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના ઝીલ ચારેલે ૯૯.૯૧ પર્સન્ટાઈલ સાથે સૌનું ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. કોઈપણ જાતના ખાનગી ટ્યુશનની મદદ વગર પોતાની જાતે દરેક દિવસનો લક્ષ્યાંક બનાવી ઝીલ ચારેલે જે પરિણામ હાંસલ કર્યુ છે તે પ્રસંશનીય છે, તેણે ચાર વિષયોમાં ૯૫ કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે.



સરગાસણ વિસ્તારમાં રહેતા ઝીલ ચારેલે વિજ્ઞાન ટેકનોલોજી અને સામાજિક વિજ્ઞાનમાં ૯૮, ગણિતમાં ૯૬ અને અંગ્રેજીમાં ૯૫ ગુણ સાથે કુલ ૫૬૯ ગુણ મેળવી ૯૪.૮૩ ટકા પરિણામ સાથે શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ઝીલે જણાવ્યું હતું કે તે દિવસના માત્ર ૬ કલાક જ અભ્યાસ કરતો હતો પરંતુ દરરોજ માટે લક્ષ્યાંક બનાવ્યા હતા જે પૂર્ણ કરી શાળાના આચાર્ય નિર્મલ પટેલને દેખાડી તેમનું માર્ગદર્શન મેળવી લેતો હતો. આ ૬ કલાકમાં રોજના પાંચ પેપર સોલ્વ કરતો જેમાં ૩ લખીને અને ૨ મોંઢે સોલ્વ કરતો હતો. ઝીલના પિતા નાથુભાઈ આઈઆરએસ અધિકારી છે અને માતા સબુરીબેન ગૃહિણી છે. ઝીલને પણ સાયન્સ ગ્રુપ-બી સાથે અભ્યાસ કરી પહેલા ડૉક્ટર થવુ છે અને ત્યાર બાદના ૩ વર્ષમાં આઈએએસ પાસ કરવુ છે.

## હવે ચોમાસામાં ગુજરાતમાં મબલખ પાણીનો સંગ્રહ થશે

## ગુજરાતે કમર કસીને કર્યું છે જળસંચય ક્ષેત્રે અદ્‌ભૂત કાર્ય



સમગ્ર ગુજરાતમાં જયશ્રીકૃષ્ણની સાથો જળ શ્રીકૃષ્ણની સુખદ વિભાવના આગળ વધી રહી છે. પ્રત્યેક ગુજરાતી પાણી પ્રતિ સજાગ બની ગયો છે. પાટણ જિલ્લાના રામળદા ગામે તો રવિરાજ જાન લઈને પરણવા આવ્યા ત્યારે ત્યાં ચાલતા જળસંચયના કાર્યમાં સાગમટે જઈને પહેલાં શ્રમદાન કર્યું પછી જ લગ્નમંડપમાં જાન લઈને ગયા. આ જ ગામનો બીજો એક પ્રસંગ છે, પ્રત્યેક પરિવારદીઠ એક રૂપિયો એકત્ર કરી રૂપિયા ૬૧,૦૦૦નો ફાળો મુખ્યમંત્રીશ્રીને આ ગામે અર્પણ કર્યો.

બીજી બાજુ અમદાવાદના સાણંદ તાલુકાના માણકોલ ગામના લોકો સવારે ચાર વાગ્યે ઊઠીને જળસંચયના કામમાં લાગી જાય છે, તો વળી ગાંધીનગર જિલ્લાના જાખોરા ગામની વાત પણ મજાની છે. આ ગામ એક પણ પૈસાની સરકારી સહાય વગર જળસંચય માટે સાગમટુ લાગી ગયું છે. ગોંડલના રાણસીકી ગામમાં ત્રણ વર્ષ પહેલા આવેલા પૂર વખતે ધોવાઈ ગયેલી ખેતીની જમીન ઉપર બારનાળા તળાવ ઉંડુ કરવાના કામમાંથી નીકળેલી ફળદ્રુપ માટી પાથરવામાં આવતા ૭૦૦ વિઘા જમીનનું કલેવર જ બદલાઈ ગયું.

આવા તો અનેક દાખલા છેલ્લાં ત્રણ-સાડા ત્રણ સપ્તાહ દરમિયાન ગુજરાતભરમાં જોવા મળ્યા. આખું ગુજરાત જાણે જળસંચય માટે મિશન મોડ પર આવી ગયું હોય એવું લાગે છે. વળી હવામાન ખાતાએ કરેલી સાનુકૂળ આગાહી મુજબ આ વર્ષે કુદરત ગુજરાત ઉપર મહેરબાન પણ છે અને ચોમાસું સારું જવાનું છે એવા મજબુત વરતારા છે ત્યારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની નિર્ણાયક સરકારે જળસંચય માટે લીધેલા પરિણામલક્ષી નિર્ણયથી ગુજરાતને નિઃસંદેહપણે અઢળક ફાયદો થવાનો જ છે. સરકારના આ પુરુષાર્થયજ્ઞમાં ગુજરાતની વિરાટ જનશક્તિ જોડાતા જળશક્તિની આરાધના માટે ગુજરાતમાં ન ભૂતો ન ભવિષ્યતિ એવી જનચેતના જાગી છે.

સૌરાષ્ટ્રના વેપારી જગદીશભાઈ કહે છે કે, રૂપાણી સરકારે સુજલામ્ સુફલામ્ કાર્યક્રમ અમલમાં મૂકીને જળસંગ્રહ માટેનું સાચા અર્થમાં ઉત્તમ કાર્ય આરંભ્યું છે. સુરેન્દ્રનગરમાં સિરામિક વર્ક કરતા જયેશ દવેએ અભિપ્રાય આપ્યો કે, સામાન્ય રીતે સરકારી યોજનાઓમાં જનતા બહુ ઓછી જોડાતી જોવા મળે પરંતુ, જળ અભિયાનમાં ગામેગામ અને શહેરમાં લોકો સ્વયંભૂ રીતે જોડાયા છે એ જ નિર્ણાયક સરકારની કર્તવ્યનિષ્ઠામાં લોકોનો વિશ્વાસ છે એમ સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

**જનચેતના**

**ધીરૂ કોટવાલ**

પહેલી મે, ૨૦૧૮ના રોજ જ્યારે ભરૂચના કોસમડી ગામેથી મુખ્યમંત્રીશ્રીએ જળ અભિયાનનો આરંભ કરાવ્યો ત્યારે ૪,૫૦૩૪ શ્રમજીવીઓ જળ અભિયાનમાં કાર્ય કરતા હતા તે સંખ્યા આજે સાડા ત્રણ સપ્તાહ પછી વધીને ૨.૮૦ લાખ ઉપર પહોંચી છે. એ જ રીતે જળ અભિયાનના પહેલા દિવસે ૨,૧૨૬ મશીનો કામ કરતાં હતા તે સંખ્યા વધીને આજે ૨૦,૦૦૦ની આસપાસ પહોંચી છે. શરૂઆતના તબક્કામાં ૪૨૮ સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ આ અભિયાનમાં જોડાઈ હતી તેની સંખ્યા ૧૧,૪૫૦ ઉપર પહોંચી છે. જેમ જેમ દિવસો પસાર થતા જાય છે એમ એમ જળ અભિયાન મોટા પાયા ઉપરનું જનઅભિયાન બનતું જાય છે. અત્યાર સુધીમાં અંબાજીથી ઉમરગામ અને કચ્છ-કાઠીયાવાડ ગુજરાતનાં ખૂણે ખૂણામાં જળ અભિયાનથી ૫૦ લાખ ઉપરાંત માનવદિન રોજગારીનું નિર્માણ થયું છે.

આંકડાકીય વિગતોના આધારે સુજલામ્ સુફલામ્ જળ અભિયાનનું રસપ્રદ સરવૈયું જોઈએ. રાજ્યના પાણી પુરવઠા બોર્ડ દ્વારા કાંસ, પાણીની ટાંકી વગેરેની સાફ-સફાઈના ૨૭૯ નિર્ધારિત કાર્ય સામે ૫૮૩ જેટલા કાર્યો કરવામાં આવ્યા છે. ૧૧૭ નદી-વોંકળાની સફાઈના લક્ષ્યાંક સામે ૧૨૧ નદી-વોંકળાની સફાઈ કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં ૧૬,૬૧૬ જળસંચયના કાર્યોનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો હતો. જેની સામે અત્યાર સુધીમાં ૧૧,૪૫૦ કાર્ય પૂર્ણતાને આરે છે અને ૫૬૬૮ કાર્યો પૂર્ણ થયા છે. એટલે કે આખા ગુજરાતમાં ૧૭,૧૫૯ જળસંચયના કાર્યો પૂર્ણ થવાના આરે અથવા તો પૂર્ણ થયા છે. આટલા મોટા ફલક ઉપર રાજ્યભરમાં જળસંચયના કાર્યો થવાથી ગુજરાતમાં આ વખતનું ચોમાસુ સુજલામ્ સુફલામ્ બની રહેવાનું છે તેમાં કોઈ સંદેહ નથી. એક અંદાજ મુજબ ગુજરાતમાં હવે ૧,૯૩,૮૧,૪૨૮ ઘન મીટર વિસ્તારમાં ૧૯૩૮ કરોડ લીટર વરસાદી પાણીનો સંગ્રહ થશે.

રાજ્યના જિલ્લાઓની વિગત જોઈએ તો નર્મદા, આણંદ, મોરબી, ડાંગ, પંચમહાલ, રાજકોટ, પોરબંદર, અરવલ્લી, ગિરસોમનાથ, બોટાદ, જુનાગઢ, ખેડા, દેવભૂમિ દ્વારકા, અમદાવાદ, બનાસકાંઠા, તાપી, સાબરકાંઠા, કચ્છ, વલસાડ, છોટાઉદેપુર, સુરેન્દ્રનગર, મહીસાગર, વડોદરા, પાટણ, નવસારી, ગાંધીનગર, દાહોદ, જિલ્લાઓ સો ટકા કે તેથી વધુ જળસંચયના કાર્યો કરી ગુજરાતને પાણીદાર બનાવવાની દિશામાં મક્કમ કામ કરીને આગળ આવ્યા છે. અન્ય બે-ચાર જિલ્લાઓ પણ ૯૦ ટકા ઉપરાંત જળસંચયના કાર્યો સાથે ખભેખભા મિલાવીને ઊભા રહ્યા છે.

દુષ્કાળ અને પાણીની અછતને ગુજરાતમાંથી કાયમી દેશવટો આપવાના મક્કમ નિર્ધાર સાથે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી હંમેશા કહે છે કે, ભાવિ પેઢીને સમૃદ્ધ વારસો આપવાની આપણા સૌની નૈતિક જવાબદારી છે. આ જવાબદારીનું વહન કરવા માટે સુજલામ્ સુફલામ્ જળ અભિયાને સૌ કોઈને મજાનો અવસર પૂરો પાડ્યો છે. ૧લી મેથી ૩૧મી મે ૨૦૧૮ સુધીનું જળ અભિયાન એ તો માત્ર શરૂઆત છે, આ જળ અભિયાન સતત ત્રણ વર્ષ સુધી ચલાવીને ગુજરાતમાં જળસંચય, જળવ્યવસ્થાપન અને જળવિતરણનું સુદ્રઢ માળખું પ્રસ્થાપિત થવા જઈ રહ્યું છે.

સુજલામ્ સુફલામ્ જળ અભિયાનને ગુજરાતની જનતાના હૃદય સુધી પહોંચાડવા પ્રેરણાત્મક અપીલ કરીને ગુજરાતના અનેક સંતો-મહંતોએ અદ્‌ભૂત ફાળો આપ્યો છે. પૂ. શ્રી મોરારિબાપુએ ગુજરાતના તમામ ભાઈ-બહેનોને એક સાધુ તરીકે નમ્ર અપીલ કરતાં જળ સંચયનું બહુ જ મોટું ઉપકારક કામ આપણે ગંભીરતાથી કરવું રહ્યું. ગુજરાત સરકારના આ આખાય અભિયાનમાં આપણે બધા જ આપણું જ કામ છે એમ માનીને જોડાઈએ અને જળસંચયને એક યજ્ઞ માનીને એમાં બધી જ રીતે સહયોગ કરી આપણા ગુજરાતને ફરી એક વખત સુજલામ્ સુફલામ્ બનાવીએ એમ જણાવ્યું છે. તેવી જ રીતે પૂ. મહંત સ્વામી મહારાજે જળનું મહત્ત્વ સમજાવી જળ એ માનવમાત્ર માટે આવશ્યક તત્ત્વ છે એમ જણાવી સૌ હરિભક્તોને સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં જોડાવાનો સહિયારો સંકલ્પ કરવા અપીલ કરી છે.

ગુજરાતની વિરાટ જનશક્તિની જળશક્તિ માટેની આરાધનાનો આ ઉત્સવ ગુજરાતમાં જળસંચય ક્ષેત્રે નવતર ક્રાંતિના મંડાણ સ્વરૂપે તજજ્ઞો જોઈ રહ્યા છે. પાણીના પાણીદાર આયોજન માટે સમગ્ર ગુજરાત સમયસર આગળ આવ્યું છે. પ્રત્યેક ગુજરાતી ખભેખભા મિલાવી રાજ્યની કાયાપલટ કરવા થનગની રહ્યો છે. ડંકાની ચોટ પર ગુજરાત સરકાર અને વિરાટ જનશક્તિએ સાથે મળીને ભાવિ પેઢીને સમૃદ્ધ જળવારસો આપવાનો પ્રચંડ પુરુષાર્થ આદર્યો છે એના નજીકના ભવિષ્યમાં જ સુફળ દેખાઈ રહ્યા છે.

## ધામણી નદી પુનઃજીવિત થશે હજારો ખેડૂતોને ખેતરે લહેરાશે ખુશી

બનાસકાંઠા જિલ્લાના પૂર્વમાં આવેલ દાંતા તાલુકો મુખ્યત્વે ડુંગરાળ વિસ્તાર અને આદિજાતિ વસતિ ધરાવે છે. દાંતા તાલુકામાં ઉદ્‌ભવ સ્થાન ધરાવતી ૧૭ કિ.મી. લંબાઈની ધામણી નદીને સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અન્વયે પુનઃજીવિત કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ નદી પુનઃજીવિત થવાથી ૧૫ ગામના હજારો ખેડૂતોને વધુ વિસ્તારમાં સિંચાઈ કરવાનો લાભ મળશે. આ નદીના જળસ્ત્રાવ વિસ્તારની ૭૪૧૦.૪૬ હેકટર જમીનને લાભ થશે.

ધામણી નદીને પુનઃજીવંત કરવા અને તેના વિસ્તારમાં ભૂગર્ભજળ સ્તર ઉપર લાવવા બનાસકાંઠા જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ દ્વારા રૂા. ૯૬.૧૮ લાખ ખર્ચનો અંદાજ સાથે કુલ ૮૩ કામો હાથ ધરવામાં આવ્યા છે. તદ્‌અનુસાર ધામણી નદીની ૧૭ કિ.મી. ની લંબાઈમાં ૨૫ નવીન ચેકડેમ, ૫૬ બંધપાળા અને બે

**નવસર્જન**

**રેસુંગ ચૌહાણ**

ચેકડેમના ડિસીલ્ટીંગની કામગીરી હાથ કરવામાં આવી છે. આ કામોથી ૨૭,૦૫૦ માનવદિન ઉત્પન્ન થશે. ૪૧૦૦ ઘનમીટર માટીનો જથ્થો બહાર નીકળશે. કેપેસીટીમાં ૧૫,૬૮૫ ઘ.મી. વધારો થશે. ઉપરાંત વન વિભાગે પણ ૪૨ કામો હાથ ધર્યાં છે.

ધામણી નદી ડુંગરાળ અને જંગલ વિસ્તારમાં થઈ પસાર થાય છે. આ નદી પુનઃજીવિત થતા જંગલ વિસ્તારમાંથી નિરર્થક વહી જતા વરસાદી પાણીનું વ્યવસ્થાપન થશે જેનાથી જંગલની ઘનતા વધશે અને જમીનનું ધોવાણ અટકાવી શકાશે. પરિણામે અહીંના જંગલ વિસ્તારના અસંખ્ય પશુ-પક્ષીઓને પીવાના પાણીની સુવિધા મળશે સાથે સાથે જનજીવન તથા વન્યસૃષ્ટિને ખૂબ જ લાભ થશે.

ઉલ્લેખનીય છે કે, સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વરસાદના વહી જતા પાણીને રોકીને વિરાટ પ્રમાણમાં જળસંગ્રહ કરીને તળાવો, ચેકડેમો, જળાશયો, ખેત તલાવડીઓને ઊંડા કરવા તેમજ નદીઓને પુનઃજીવિત કરવા જેવા કામો પૂરજોશમાં ચાલી રહ્યાં છે.

**જિલ્લો : બનાસકાંઠા**

| | |
|---|---|
| લક્ષ્યાંક | ૫૮૧ |
| શરુ થયેલા કામો | ૫૮૧ |
| પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે આવેલા કામો | ૪૨૨ |
| પૂર્ણ થયેલા કામો | ૧૫૯ |
| પ્રગતિ હેઠળના + પૂર્ણ કામોની ટકાવારી | ૧૦૦.૦૦ |

**જિલ્લો : વલસાડ**

| | |
|---|---|
| લક્ષ્યાંક | ૭૫૨ |
| શરુ થયેલા કામો | ૭૬૬ |
| પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે આવેલા કામો | ૬૨૭ |
| પૂર્ણ થયેલા કામો | ૧૩૯ |
| પ્રગતિ હેઠળના + પૂર્ણ કામોની ટકાવારી | ૧૦૧.૩૬ |

**જિલ્લો : દાહોદ**

| | |
|---|---|
| લક્ષ્યાંક | ૮૭૬ |
| શરુ થયેલા કામો | ૮૬૭ |
| પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે આવેલા કામો | ૩૨૨ |
| પૂર્ણ થયેલા કામો | ૪૫ |
| પ્રગતિ હેઠળના + પૂર્ણ કામોની ટકાવારી | ૯૮.૯૭ |

**જિલ્લો : કચ્છ**

| | |
|---|---|
| લક્ષ્યાંક | ૬૪૦ |
| શરુ થયેલા કામો | ૬૮૮ |
| પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે આવેલા કામો | ૫૪૯ |
| પૂર્ણ થયેલા કામો | ૧૩૯ |
| પ્રગતિ હેઠળના + પૂર્ણ કામોની ટકાવારી | ૧૦૭.૫૦ |

**જિલ્લો : મોરબી**

| | |
|---|---|
| લક્ષ્યાંક | ૨૦૫ |
| શરુ થયેલા કામો | ૨૧૦ |
| પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે આવેલા કામો | ૧૦૨ |
| પૂર્ણ થયેલા કામો | ૧૦૮ |
| પ્રગતિ હેઠળના + પૂર્ણ કામોની ટકાવારી | ૧૦૨.૪૪ |

## નારદીપુરની ભગીની સંસ્થાનનું પરિણામ ૯૩.૬૦ ટકા આવ્યુ

**શાળામાં પ્રથમ આવેલી મૈત્રી પટેલ એક સામાન્ય ખેડૂત પરિવારની દિકરી દાદીમાના ઈનોવેશને દિકરીના પરિણામમાં બદલાવ લાવી દીધો**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુરની શૈક્ષણિક સંસ્થા ભટ્ટ હિરાલાલ વાડીલાલ ચેરીટી ભગીની વિદ્યાલયે આજે જાહેર થયેલ ધો. ૧૦નું પરિણામ ૯૩.૬૦ ટકા મેળવી એક અનેરી સિદ્ધિ મેળવી છે.



આ શાળામાં પ્રથમ સ્થાને આવેલ મૈત્રી જિજ્ઞેશભાઈ પટેલે ૮૨ ટકા ગુણાંકન પ્રાપ્ત કર્યા છે. સામાન્ય પરિવારમાંથી આવતી આ મૈત્રીના પિતા ખેતીકામ કરે છે તો દાદીમાં તેના નિવૃત્ત પ્રાથમિક શાળાના શિક્ષિકા છે. ઘરમાં ખેતી અને પશુપાલનની પ્રવૃત્તિ સાથે દિકરીને તબીબ બનાવવાનું દાદીમાંએ બિડુ ઝડપ્યુ છે.

લીલાબાની લાડકીને પણ બાનુ સ્વપ્ન પૂર્ણ કરવાની ખ્વાહિશ છે તેણીનીએ જણાવ્યુ હતુ કે અમારી શાળામાં જયગોપાલ પંડિત, પી.કે. સર, દર્શનાબેન અને કયા સરનું નામ લઉ એ જ સમજાતુ નથી પણ મારી લીલાબાએ મારા અભ્યાસને સતત પ્રોત્સાહિત કર્યો છે એ વાત એટલી જ મહત્વની છે.

લીલાબા નિવૃત્ત શિક્ષિકા હતા એટલે તેઓ મને મારા બાધા જ પાઠ્યપુસ્તકો વાંચી અને વાર્તામાં ફેરવી મને અભ્યાસમાં સરળતા કરી આપી. શિક્ષકોએ તેમાં ખૂટતી કડીઓ જોડી દીધી. બાકી હું નિયમિત ત્રણથી પાંચ કલાક વાંચતી હતી.

લીલાબાએ મારા પાઠ્યપુસ્તકોના અભ્યાસક્રમને વાર્તામાં જે કન્વર્ટ કર્યો એટલુ જ નહિ પણ રાત્રે અમે તેમની સાથે સુતા ત્યારે તેઓ આ વાર્તા કહે સવારે ઉઠી હું પુસ્તક વાંચુ પછી મને બધુ સરળતાથી યાદ રહી જતુ. તેમાં ખુટતી કડીઓ અમારા પી.કે. સર, દર્શનાબેન સહિતના સૌ શિક્ષકોએ જોડી આપી.

અમારી શાળામાં દર સોમવારે ટેસ્ટ લેવાય, વાલીઓને તેના મૂલ્યાંકનની જાણકારી અપાય અને વાલીઓ તેમજ શિક્ષકો વચ્ચે સતત ચર્ચાઓ ચાલી જેનુ પરિણામ આજે જગત સામે છે. દર્શનાબેન અમારા ગણિત શિક્ષક વર્ગખંડની એક પણ મિનિટ વ્યય ન જવા દે અને દાખલાઓ ગણાવે એટલુ જ નહિ પુનરાવર્તન પણ કડક બની કરાવડાવે. ભણવાની મઝા આવી જાય તેઓ માહોલ જય ગોપાલ પંડિત સર અને પી.કે. સરે પુરો પાડ્યો હતો. અદ્‌ભુત અને અપ્રિતમ મહેનત અમારા શિક્ષકોએ કરી એડવાન્સ શિક્ષણ પણ આપ્યું.

લીલાબાને પુછતાં તેમણે કહ્યુ કે સાહેબ, સાત વર્ષ થયા હુ પિયર નથી ગઈ મને મારા છોકરાઓ ગામમાં રહી ભણે અને ગામનુ ગૌરવ બની ઉભરે એજ લક્ષ્ય છે. મારી નાની દિકરીને એક સેમેસ્ટરમાં ઓછા ટકા આવ્યા તો મને ખુબ દુઃખ થયુ હતુ. તેને લઈ મેં મારી તૈયારીઓમાં શુ ઉણપ રહી તે વાત ખૂંપવા લાગી પરંતુ બીજા સેમેસ્ટરમાં તેણે ૮૫ ટકાથી વધુ ગુણ મેળવ્યા એટલે ખુશ થઈ ગઈ. અંક ગણિત, શરીર વિજ્ઞાન અને ભૂગોળનો મને આજે પણ શોખ છે. મૈત્રીના પિતાએ કહ્યુ કે આજે આવેલા પરિણામે મને ઘઉંની ખેતીમાં પાણીના અભાવે ગયેલા નુકશાનનુ વળતર મારી દિકરીના પરિણામે આપી દીધુ છે.

મૈત્રીની માતા પણ સ્નાતક ગુજરાતી વિષય સાથે થયેલી છે તેણે ગુજરાતી ભાષા જે શીખવી છે તે આજે પણ મૈત્રીને યાદ છે. તેની મમ્મી સાચી જોડણી, શબ્દાર્થ, નિબંધલેખન સહિતની વિવિધ પાસાઓ જે ભણાવ્યા છે તે આખી જીંદગી યાદ રહેશે તેમ મૈત્રીએ સ્વીકાર્યુ હતુ.